શિક્ષણની નવી તરાહને કારણે બિન સરકારી માધ્યમિક શાળાના સંખ્યાધિક સ્ટાફને સમાવવા બાબત..

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: ઇડીએસ: ૧૦૭૮: ૧૩૯૮૦: ગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૦.૬.૭૮

<u>વંચાણમાં લીધા</u> :-

૧: શિક્ષણ અને મજૂર વિભાગનો તા. ૨૮-૧૦-૭૫ અને તા. ૨-૬-૭૬ના સરકારી ઠરાવ ક્રમાંક: ઇડીએસ: ૬૧૭૫: ૧૬૨૦૫: ખ,

૨: શિક્ષણ અને મજૂર વિભાગનો તા. ૨૮.૫.૭૮નો સરકારી પરિપત્ર ક્રમાંક: ઇડીએસ: ૬૧૭૫: ખ,

૩: શિક્ષણ અને મજૂર વિભાગનો તા. ૬-૮-૭૬નો સરકારી ઠરાવ ક્રમાંક: ઇડીએસ: ૬૧૭૬: ૮૦૧૦૫: ખ,

૪: શિક્ષણ વિભાગના તા. ૩-૫-૭૭નો સરકારી પરિપત્ર ક્રમાંક: એચએસએન: ૧૦૭૭: ૫૧૫૫-ગ,

૫: શિક્ષણ વિભાગનો તા. ૨-૬-૭૭નો સરકારી પરિપત્ર ક્રમાંક: ઇડીએસ: ૬૧૭૬: ૧૭૫૯૭-ગ,

૬: શિક્ષણ વિભાગનો તા. ૨૨.૬.૭૭નો સરકારી પરિપત્ર ક્રમાંક: એસએસએન: ૫૦૭૭: ૪૦૯૩૪: ગ,

<u>પરિપત્ર</u> :-

સરકારના ધ્યાન ઉપર આવ્યું છે કે, સંખ્યાધિક શૈક્ષણિક - બિનશૈક્ષણિક સ્ટાફને નવી ખુલતી શાળામાં ઉભી થતી તેમને સમાવવા લાયક જગા ઉપર કે હાલની શાળામાં ખુલતા વધારાના કે નવા ઉપલા વર્ગને કારણે ઉભી થતી અને તેમને સમાવવાપાત્ર હોય તેવી જગા ઉપર સમાવવા માટેના હુકમો સુચનાઓનો અમલ કરવામાં શાળા સંચાલક મંડળોને એવી મુશ્કેલી નડતી હોવાનું જણાયું છે કે આ મંડળો સંખ્યાધિક સ્ટાફની યાદી માંથી નિમ મેળવીને અથવા તો જીલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોની ફાળવણી કરવાને લીધે જગા ભરતા હોય છે. છતાં સંખ્યાધિક સ્ટાફના સભ્યો તે શાળામાં ફરજ ઉપર હાજર થતા નથી, જેના પરિણામે ખાલી રહેતી જગા પર બહારની વ્યક્તિથી ભરતી કરવાની ફરજ પડવાથી તેવી નિમણુંકને પગાર ગ્રાન્ટ માટે ગ્રાહ્ય નહિ રખાતા સંચાલક મંડળોને આર્થિક રીતે સહન કરવું પડે છે. આ મુશ્કેલીના નિવારણ માટે આથી તમામ જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને સુચના આપવામાં આવે છે કે સંચાલક મંડળ તરફથી જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની જગા હેઠળ સંખ્યાધિક સ્ટાફના લાયક ઉમેદવારોની માંગણી કરવામાં આવે કે ફાળવણી કરવામાં આવે અને તેમાંથી જે સભ્યોને જે તે શાળામાં હાજર થવા હુકમ કરવામાં આવે છતાં કોઇપણ જાતના વ્યાજબી કારણો સિવાય સંખ્યાધિક સ્ટાફનો સભ્ય ફરજ ઉપર તાત્કાલિક હાજર ન થાય તો શાળા સંચાલક મંડળ તેના નામો જે તે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીના ધ્યાન ઉપર લાવવા જેથી તેના આધારે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીએ તેવા સભ્યનું નામ તેમને "શો કોઝ" નોટીસ આપ્યા બાદ તથા તેમા રજુઆત ધ્યાનમાં લીધા પછી સંખ્યાધિક યાદીમાંથી કમી કરવું અને જે તે કર્મચારીને તથા તમામ શાળાઓને તે પ્રમાણેની જાણ કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા,
સેક્શન અધિકારી, શિક્ષણ વિભાગ.

<u>ગ્રાન્ટ ઇન એઇડ કોડના નિયમ ૫૫.૫ માં સુધારો.</u>